# "આ અઈર્યેમા ઈષ્યો" ની નીરંગ

યજશનેના ૫૪ મા હા માં આવતી આ બંદગી, તમામ ખોરદેહ અવસ્તામા (મોટી કિતાબોમાં) મોજુદ છે. જો કે, આ નીરગ હાલમાં જેમ ગમે તેમ મનપસંદ નાના મોટા ફકરાઓ, આપણી ભણાતી મ્રાથવાણીમાંથી ચૂંટી કાઢી, હમદીનોને ટુંકી બંદગી તરીકે આપવામાં આવે છે, જે નારવા છે તેમ નથી. છતાં આજના જમાનામાં આપણી એવી કાયનાત નથી, અને તેવી જીંદગી જીવતા નથી કે આવી મોતેબર, ઉત્તમ અને ફાયદાકારક બંદગી આપણે ખેંચી શકયે અને તેનો લાહવો અને ફાયદો હાંસલ કરી શકયે. પરંતુ જે હમદીનો આ ભણતર કરે છે તેઓ સાદી રીતે આ હા યા ફકરો એમજ ભણી જાય છે તેને બદલે જો તેઓ થોડી પાકીઝગી તથા ભણતરના ક્રમ પ્રમાણે ભણે, જે નીચે આપ્યો છે, તો તે ફાયદાકારક તથા લાભકરતા થશે.

પહેલ્લાં તો ફરજયાત નું ભણતર કરવું ઘટે, યાને જે ગેહ હોય તે પઢે અને ખોરશેદ મેહરની નીઆએશ કરે, અને રાતની ફરજ્યાતમાં અઈવિસરૂથરેમ ગેહ, સરોશ યશત રાતની વડી અને આતશની નીઆએશ કરી પછીજ અઈર્યેમા ઈષ્યોની નીરંગ સરોશની બાજ લઈ ભણવી.

## ૨ યથા ૧ અષેમ

**સરોશ યજદની બાજ**

**ક્ષ્નઓથ્ર અહુરહે મજદાઓ. અષેમ વોહૂ (૩). ફ્રવરાને મજ્દયસ્નો જરથુશત્રિશ વી-દએવો અહુરત્કએષો, (જે ગેહ હોય તે પઢવી). સ્ત્રઓષહે અષ્યેહે, તખ્મહે તનુ-માંથ્રહે, દરષિ-દરઓશ આહુઈરયેહે, ક્ષ્નઓથ્ર યસ્નાઈચ વહમાઈચ ક્ષ્નઓથ્રાઈચ ફ્રસસ્તયએચ, યથા અહૂ વઈર્યો જઓતા, ફ્રા મે મ્રૂતે, અથા રતુશ અષાતચિત હચ, ફ્રા અષવ વીદવાઓ મ્રઓતૂ.**

**સ્ત્રઓષેમ અષીમ હુ-રઓદેમ વેરેથ્રાજનેમ ફ્રાદતગએથેમ અષવનેમ અષહે રતૂમ યજમઈદે.**

નીરંગનું ભણતર:-

**"આ અઈર્યેમા ઈષ્યો રફેદ્રાંઈ જન્તૂ, નરેબ્યસચા નાઈરીબ્યસ્ચા,**

જરથુશ્ત્રહે વંઘહેઉશ રફેદ્રાઈ મનંઘહો, યા દએના વઈરીમ હનાત મીજદેમ; અષહ્યા યાસા અષીમ યાંમ ઈષ્યાંમ અહુરો મસતા મજદાઓ. (ચાર વાર પઢે)

અષેમ વોહૂ-(૩). અંઈર્યમનેમ ઈષીમ યજમઈદે, અમવન્તેમ વેરેથ્રાજનેમ વીત્બએષંઘહેમ મજિશ્તેમ અષહે સ્રવંઘહામ, ગાથાઓ સ્પેન્તાઓ રતુ-ખ્ષથ્રાઓ અષઓનીશ યજમઈદે, સ્તઓત યેસ્નય યજમઈદે, યા દાતા અંઘહેઉશ પઓરૂયેહયા:

યેઘહે હાતામં આઅત યેસ્ને પઈતી વંઘહો, મજદાઓ અહુરો વએથા અષાત હચા, યાઓંઘહાંમચા તાંસચા તાઓસચા યજમઈદે."

સરોશ બાજ મુકવી

યથા અહૂ વઈર્યો (૨). યસ્નેમ્ચ વહમેમ્ચ અઓજસ્ચ જવરચ આફીનામી, સ્રઓષહે અષ્યેહે, તખ્મહે તનુ-માંથ્રહે, દરષિ-દ્રૂઓશ આહુઈરયેહે. અષેમ વોહૂ (૧)

અહમાઈ રએશ્ચ - હજંઘરેમ - જસમેં અવંઘહે મઝદ - કેરફેક મોજદ. અષેમ વોહૂ (૧)

## ૧ યથા ૨ અષેમ

### તરજુમો અને સમજણ

અઈરયમનની બંદગી જે હિંમત, અને ફતેહ આપનારી દ્વેશથી વેગળી રાખનારી, અને અષોઈના કલામોમાં વધુ પસંદગીને લાયક છે. આબાદી પાથરનારાં અને રાસ્તી ઉપર પાદશાહી ભોગવનાર અષો ગાથાઓને, અને 'સ્તોત યસ્ન" સાથે યઝ (attune) થઈએ છીએ.

અઈર્યમનઃ- (અત્યંત ખાકસારી) આરમઈતીની ગતી અને તેવી ગતી મેળવવા માટે ઉભા થયલા માંથ્રો જેઓને 'અઈરયમા ઈષ્યો"' કહે છે તે મ્રાથો, જે સરસમાં સરસ મ્રાંથોનાં મ્રાંથ છે. પરદુઃખભંજનનું કામ સંપુર્ણ રીતે કરનાર માંથ્ર ખેચાણકારક અને શ્રેષ્ટ, રૂવાનના અંશો જોડી આપનારો શીરોમણી મ્રાંથ, ચપળ, તેજસ્વી, દીલાવર, ભય વગરના દુજી ગતીને તોડવાનુ ફતેહમદીથી કરનારા માંથ્ર, દરોસ્તી આપનાર, અને અંગ્રમઈન્યુના તેની હુકમત હેઠળના બધાંને મારશેજ એવો તે અઈર્યમનનો માંથ્ર.

આ નીરંગ વંદીદાદ મુજબ, દાદાર અહુરમજદથી પસંદગી પામેલી અશો જરથુસ્ત્રની તુફેલથી બનેલી અહુનવરની છેલ્લી આકેબતની નેમ બધાં રવાનો યઝતી પ્રગતિકરણમાં દાખલ થઈ શેતાબીથી કેમ પાર પાડે, તેની ઉમદા નીરંગ છે.

અઈરમન એક ફરેસતાનું બી નામ છે. જે સુખ શાંતિ આપનારો, દોસ્તી કરાવનારો તથા મનમાથી જાદુ તથા પરીને લગતા ખોટા વિચારોને કહાડી નાખીને આરામ આપનારો છે.

**અરદીબહેશ્ત યશ્તની પીછીઃ-** શારીરિક, માનસિક કે રૂહાની માંદગીમાં, અસલમાં આપણા પરેહઝગાર વડવાઓ કરતા હતા જેથી ફાયદો હાંસલ થતો હતો. અરદીબહેશ્ત યશ્ત સાથે ભણતા આ નીરગ સાત યા નવ વખત ભણવામા આવતી. પરંતુ આ બાબત માં અત્યારે ઉતરીશું નહી.

## અગત્યની "ચીથ્રેમ બુયાત" ની બંદગી

હાલી જમાનાના રાઈનીદાર આદરબાદ મોરેસ્પંદ સાહેબે આપેલી છ સેતાયશોમાંની આ એક અગત્યની સેતાયશ ગણાય છે. કે જેમાં બુનની અંદરના 'બુનક' ની પાસબાની જે અશોઈના રાહે રાસ્ત ઉપર છે, તે કરવા ભાર મુકે છે કે જે ફરઝંદોમાં ઉતારવી જોઈએ. (૨) તે અશો ફરવષીઓને યાદ કરી ભણનારના ઘરમાં ખુશી સાથે ઉતારવા આમંત્રણ કરે છે. (૩) તે બૈરી, બચ્ચાથી જે મોહતાઝ હોય તેઓ ઉપર તે મેળવવા આશીશ આપે છે. (૪) તે પુંનજન્મ ઓછામા ઓછા ૧૪૪ વર્ષ થાય તેની યાદ આપે છે. (૫) અષવનો અને આબેદ સાહેબો કેવી રીતે દુનિયાને તેઓના મ્રીથ અને મ્રાથ થી મદદ કરે છે તેની સમજણ આપ છે (૬) અને ખાસ કરીને હવે પછીના આવનાર રાઈનીદાર બહેરામ વરઝાંવદ સાહેબ જલીદીથી પધારે એવી દુઆઓનો સમાવેશ થાઈ છે.

આજે કોમની ગબડતી હાલત અને જે પરિસ્થિતી છે તે ગમે તેવા ફાંફા મારવા છતાં, યા કરોડોના ફંડ ભેગા કરવા છતાં સુધરવાની નથીજ. આજે જ્ઞાનની કોતાહીમા ધર્મ ઉપર થતા હુમલાઓ અને મિશ્ર

લોહીની ભેળમ ભેળના વાતાવરણમાં હઝારો ચર્ચાપત્ર કરવાથી કાંઈએ વલવાનું નથી. બાવા, બુઆ અને યુરોપયનની વાદર નકલ કરવામા પડેલા બસ્તકુશ્તીયાન દ્રંવદ પારસીઓને માઝદયસની જરથોસ્થી દીનની બુલંદી, અને અવસ્તા પ્રાથની મોતેબરી નો ખ્યાલ ત્યારેજ આવશે કે જ્યારે રાઈનીદાર બહેરામ વરઝાવદ જાહેર થશે. તે ભલો જમાનો જલદીથી આવે એવી દુઆ હરેક જરથોસ્તીઓએ કરવી ઘટે છે. પોતાની હરરોજની બંદગી પછી 'ચીથ્રેમ બુયાત' ની બંદગી જરૂર કરવી. ખાસ કરીને સ્પેનદારમંદ અને ફરવદીન રોજે જરૂર ભણવી. **તમામ ખોરદેહ અવસ્તામાં (મોટી કિતાબોમાં) આ બંદગી મોજાુદ છે.**

તે ભલો જમાનો જલદીથી આવે, કે જે વખતે મહાન રાઈનીદાર સાહેબ "વરજાવંદ-ઈ-બેહરામ" આવીને અમો ગુનેહગારોનું તારણ કરે, અને આ દુનિયામાં ફેલાયલી જડતા - અજ્ઞાનતા અને નાસ્તીકપણાંને દૂર કરી જરથોસ્તી દએનનાં ઈશ્કનો પ્રભાવ અહીં પાછો ચાલુ કરે! વધુમાં, અમારૂં રવાન કે જે તેની અસલ "ચિથ્ર" ની હાલતમાંથી તન - કેહપંની હાલતમાં હદ અને ઈન્સાફને કાયદે આવેલું છે, તે પાછું તેની અસલ નૂરમંદ હાલતે પુગે, અને તે માટે તેવાજ ઊંચ ખોરાક, પોષણ અને ટકવો ("પિથ્વ") કે જે દીની તાલીમો-તરબ્યાંત, જરથોસ્તી ઈલ્મ-અમલ, અને હોમને લગતા ઉત્તમ યઝતી સત-સંગનો છે, તે અમને ચાલુ મળતો રહે, કે જેથી કરીને તેમાંથી જે કંઈ અમારૂં **"તોખ્મ-પિથ્વ"** = ફરજંદ - કેરદાર બહાર પડે તે જરથોસ્તી ઈશ્ક ધરાવનાર, બોખ્તગી અપાવનાર અને "તનાસક" ની ગતિમાંથી છોડવીને "તને-પસીન" ની ઉંચ હાલતેં પુગાડનારૂં હોય ! આમીન ! આમીન !

**જરથોસ્તી દીનનુ ખરૂ જ્ઞાન મેળવવા અને તમારો એતેકાદ અને પારસીપણુ મુસતીક રાખવા વાંચો 'દીની-આવાઝ', 'પારસી-પુકાર', દીન-પરસ્ત', માઝદીયસની કનેકશન જરથોસ્તી દીન સાહિત્ય મંડળના પુસ્તકો, ડો. સાહેબ ફરામરોઝ ચીનીવાલા ના પુસ્તકો, પારસી-આવાઝ, ફશો-ર્ગદ.**